ગાંધીનગર સમાચાર

યુવા ગિટારિસ્ટોની મસ્તીભરી ધૂનોમાં સહેલાણીઓ ઝુમ્યા

@ગાંધીનગર

● સેકટર-૩-ડીના રામજીમંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મણીબેન વર્મા તરફથી આનંદનો ગરબો યોજાશે.

● સેકટર-૨૪ સત્ય શિવમ ફલેટ ખાતે રાત્રે ૮.૦૦ કલાકે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ કથા યોજાશે. કથામાં હનુમંતલીલાનો પ્રસંગ યોજાશે.

### સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ચોથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા આગામી તા.૨૪મી એપ્રિલને રવિવારના રોજ ૨૮ બટુકો માટે ચોથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩મી એપ્રિલને શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે રાસ ગરબાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૬.૦૦ કલાકે ગણેશ સ્થાપન, મંડપ મુહુર્ત અને ગ્રહશાંતિ કરવામાં આવશે. સવારે ૮.૩૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર વિધિનો પ્રારંભ કરાશે તેમજ બપોરે ૩.૦૦ કલાકે બટુકયાત્રાનું આયોજન કરાયું છે. આ મંગલમય પ્રસંગે સવારે ૧૦.૩૦ કલાકે બટુકોને આશીર્વચન તથા સત્કાર સમારંભ પણ યોજાશે. જેમાં ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્ય પ.પૂ. ઘનશ્યામજી મહારાજ ઉપસ્થિત રહી બટુકોને આશીર્વાદ પાઠવશે.

# શહેરના મતદારોની ભૂમિકાથી ઉમેદવારોની અકળામણ

## પ્રચાર પ્રસાર દરમિયાન ઘરે આવતા તમામ ઉમેદવારોને મતદારો ઉત્સાહભેર આવકારી રહ્યા છે, જેથી વલણ સ્પષ્ટ ન થતાં સમીકરણો માંડવા મુશ્કેલ બન્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના આડે હવે ફકત છ દિવસ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે ઉમેદવારોએ પોતાનો પ્રચાર પ્રસાર વેગવંતો બનાવી દીધો છે. ઉમેદવારો આકરી ગરમીમાં પણ સમયને કિંમતી ગણી ઘેર ઘેર મતદાતાઓને મત આપવા મળી રહ્યા છે. જેમાં તમામ ઉમેદવારોને ઉત્સાહીત થઈ આવકારીને સકારાત્મક પ્રતિભાવ આપે છે. જેથી ઉમેદવારો મતદારોનું વલણ સમજી ન શકતા સમીકરણો માંડવા મુશ્કેલ બની ગયા છે. પાટનગરના શાણા મતદારો બધું જ સારી રીતે સમજી અને જાણી શકતા હોવાનું તેમના વર્તન ઉપરથી સ્પષ્ટ વર્તાતું હોવાનું ઉમેદવારો સમજી ગયા છે જેથી પાલિકાની ચૂંટણી અત્યંત દિલચશ્પ બની રહેવાના સંકેતો સાંપડી રહ્યા છે.

પાટનગરની પાલિકાએ ચુંટણીના બ્યુગલ ફુંકયા ત્યારથી જ રાજકીય ધમધમાટ શરૂ થઈ ગયો છે. હવે જયારે ચુંટણી પ્રચાર ચરમસીમા તરફ ધકેલાઈ ગયો છે ત્યારે ઉમેદવારો પણ કોઈ પણ પ્રકારની કચાશ રહી ન જાય તેની તકેદારી રાખી રહ્યા છે. ચૂંટણી કાર્યાલયોમાં રાત્રીએ જબરદસ્ત જમાવટ જામતી જાય છે તો ઉમેદવારો પોતાના વોર્ડમાં આવતા તમામ મતદારોનો રૂબરૂ સંપર્ક કરવામાં વ્યસ્ત બન્યા છે. ઘેર ઘેર મુલાકાત દરમિયાન તમામ પક્ષોના ઉમેદવારોને મતદારો ખુશી ખુશી આવકારી ઉત્સાહ દાખવી રહ્યા છે અને ઉમેદવારોની મત આપવાની વિનંતીને પણ સન્માન આપે છે. આ પ્રકારની મતદારોની ભૂમિકા તમામ ઉમદેવારો માટે એક સરખી બની રહેતાં ઉમેદવારો મતો અંકે કરવાની તેમની ગણતરી કરી શકતા નથી જેથી ભારે ચિંતામાં પડી ગયા છે.

ગાંધીનગર એ શિક્ષિત શહેર તરીકે ઓળખાય છે. જેમાં સરકારી નોકરીયાતો, શિક્ષકો તથા અન્ય ભણેલો ગણેલો વર્ગ વસવાટ કરે છે. જેથી સારા નરસા તેમજ કાર્યદક્ષ ઉમેદવારોની ઓળખ તેઓ સારી રીતે કરી શકે છે અને તેથી જ 'સૌને શ્રેષ્ઠ આવકાર પરંતુ મત તો પોતાનો અધિકાર' સુત્ર અપનાવી મન કળવા દેતા નથી. ઉમેદવારો પ્રચાર-પ્રસાર ઝુંબેશમાં અંગ દઝાડતી ગરમીમાં પણ સમયનો સદઉપયોગ કરી લેવામાં વ્યસ્ત બન્યા છે. ઉમેદવારોએ સોશીયલ મીડીયા, રીક્ષાઓ તથા સાહિત્ય થકી પોતાને મત મળે તેવા પ્રયત્નો સઘન કરી દીધા છે ત્યારે મતદારો પણ પોતાનો આવેલો સમય વ્યર્થ ન જાય તે માટે તક જતી ન કરવા માંગતા હોય તેમ મિજાજ અકબંધ કરી દીધો છે જેથી હાલ તો ચુંટણીના સમીકરણો ગુંચવાઈ ગયા છે.

વાતવાતમાં

● સોમવારથી કુડાસણ નજીક સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સમર કેમ્પનો પ્રારંભ થઈ રહ્યો છે આ કેમ્પમાં શિબિરાર્થીઓને ક્રિકેટ, સ્કેટીંગ, સ્વીમીંગ, ડ્રોઈંગ, આર્ટ એન્ડ ક્રાફટ વગેરે સહિતની રમતોનું પ્રશિક્ષણ આપવામાં આવનાર છે.

● આત્મન ફાઉન્ડેશન દ્વારા આયોજિત શિબિરના સમાપન પ્રસંગે તાજેતરમાં આઈએએસ થયેલા ગાંધીનગરના પનોતા પુત્ર ઉત્સવ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સવ પરમાર ૧૫ વર્ષ અગાઉ આત્મન ફાઉન્ડેશનના શિબિરાર્થી રહી ચુકયા છે.

● આઈએસ ઉત્સવ પરમારનું આત્મન ફાઉન્ડેશન દ્વારા શાલ ઓઢાડી તથા 'સરપ્રાઈઝ' ગીફટ આપી સન્માન કરાયું હતું. આ સરપ્રાઈઝ ગીફટમાં તેમણે ૧૫ વર્ષ પહેલા માણેલી આત્મનની શિબિરના અંતે લખેલો અભિપ્રાય આજે તેમને લેમિનેટ કરી અર્પણ કરવામાં આવ્યો હતો.

● ગાંધીનગરમાં ચુંટણી પ્રચારમાં રવિવારે તેજી જોવા મળી હતી. હવે ચુંટણી પ્રચારમાં બોજન સમારંભોનો પણ સહારો લેવાઈ રહ્યો છે.

● શહેરમાં 'મધુર' દૂધનું 'અમૂલ' નામકરણ થયે ઘણા દિવસ વિત્યા છે. આમ છતાં હજુ પણ ઉપભોકતાઓના મોઢે 'મધુર' શબ્દ ઉચ્ચારાય છે તેથી દૂધ વિતરક કેન્દ્રના વિક્રેતાઓને મધુર રમૂજનો અનુભવ થાય છે.

# ચંડીયાગના દર્શન મારા જીવનનો અદભૂત લ્હાવો : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૩-એ માં વગડાવાળી માતાના મંદિરે યોજાયેલ મહાચંડી કોટિયાગમાં ભારે જનમેદની ઉમટી પડી હતી. આ પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અનેક મહાનુભાવોએ પણ દર્શનનો લ્હાવો લીધો હતો. તેમણે જણાવ્યું હતું કે આ ચંડીયાગના દર્શન મારા જીવનમાં અદભુત આનંદની અનુભુતિ કરાવતો લ્હાવો છે.

રાષ્ટ્ર અને વિશ્વ કલ્યાણના શુભ હેતુથી આ યજ્ઞનું આયોજન થયું છે. આ યજ્ઞમાં એક કરોડ એક લાખ આહુતી ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારો દ્વારા આપવાની ચાલુ થઈ છે જેનો ભાવિ ભકતો લાભ લઈ રહ્યા છે. આ યજ્ઞ તા. ૨૨-૪-૦૧૬ને શુક્રવાર સુધી ચાલનાર છે. પૂર્ણાહુતિ સાંજે ચાર વાગે થશે તેમ કન્વીનર અંબુસિંહ ગોલ અને વ્યવસ્થાપક સમિતિના કન્વીનર અને કોન્ટ્રાકટર નિતીન પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

### જયશ્રી કૃષ્ણ પરિવાર સે-૨૯ દ્વારા રામનવમીની ઉત્સાહપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતે એક માત્ર સ્વયંભૂ રહેવાસીના સંગઠન એવા સે-૨૯ બીના જયશ્રી કૃષ્ણ પરિવાર દ્વારા શ્રી રામ ભગવાનના જન્મોત્સવ નિમિત્તે સવારે ૬.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન ૧૨ કલાકની અંખડ રામધૂન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જે દરમિયાન બપોરે ૧૨.૦૦ કલાકે પરિવારના સભ્યો દ્વારા સામુહિક રીતે પ્રભુજીને હિંડોળે ઝુલાવવામાં આવ્યા હતા તેમજ આ દિવસે ઘનશ્યામ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પણ જન્મોત્સવ હોઈ રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ સુધી જય સ્વામિનારાયણની ધૂન અને ભજનોના અલૌકીક આનંદ સાથે ઝુલે ઝુલાવી જન્મોત્સવની આનંદ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સંગઠનના તમામ પરીવારના સભ્યોએ ઉત્સાહપૂર્વક હાજર રહી ભવ્ય રીતે બંને પ્રસંગોની અદકેરા આનંદથી ઉજવણી કરી હતી. આ દરમિયાન ઠંડા પીણા, નાસ્તો અને પ્રસાદની તથા રાત્રે નાસ્તાની વહેંચણી કરવામા આવી હતી. આ બંને ધાર્મિક પ્રસંગોને ઉત્સાહભેર ઉજવણીની સુચારૂ વ્યવસ્થા અને આયોજન દશરથભાઈ પટેલ (જે.ડી.), લલીતભાઈ પટેલ, જયસુખભાઈ પટેલ, નીરૂમામા વગેરે પરિવાર સભ્યના સહકાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગુમ થયેલા દર્દીનો પોર પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૭

માણસાનો યુવાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બિમારીની સારવાર માટે દાખલ હતો. ત્રણ દિવસ પહેલા તે હોસ્પિટલમાંથી માતાને ચા પીને આવું તેમ કહીને નીકળ્યો હતો પરંતુ પરત આવ્યો નહતો. સેકટર-૭ પોલીસ મથકમાં દિકરાના ગુમ થયાની માતાએ જાણના જોગ નોંધાવી હતી દરમિયાન આજ સવારે કોબા નજીક પોર ગામની સીમમાંથી તે લાપતા દર્દીનો ઈજાગ્રસ્ત હાલતમાં પડેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. યુવાનનું હીટ એન્ડ રન થયું કે હત્યા? તે બાબત પોસ્ટમોર્ટમ બાદ પોલીસ તપાસમાં બહાર આવશે. અડાલજ પોલીસે ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસાના મહુડી વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય યુવાન વિક્રમસિંહ ધૂળસિંહ રાઠોડ તેની બિમારીને કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૩મી તારીખે દાખલ થયો હતો. સારવાર દરમિયાન ૧૪મી તારીખે સવારે વિક્રમસિંહ તેની માતાને બહાર ચા પીને આવું તેમ કહીને નીકળ્યો હતો. ચા પીવા ગયો પછી તે પરત જ ન ફરતા માતાએ સે-૭ પોલીસ મથકમાં દિકરાના ગુમ થયાના જાણવા જોગ નોંધાવી હતી. પોલીસ તેની શોધખોળ કરી રહી હતી દરમિયાન આજે સવારે પોર ગામની સીમમાંથી તેનો ઈજાગ્રસ્ત હાલતમાં પડેલો મૃતદેહ મળી આવ્યો હતો. શરીરે થયેલી ઈજાઓ વાહનના અકસ્માતથી થઈ છે કે મારામારી થી થયેલી છે તે અંગે હજુ તપાસ ચાલી રહી છે. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

# યુવા ગિટારિસ્ટોની મસ્તીભરી ધૂનોમાં સહેલાણીઓ ઝુમ્યા

## દર શનિ-રવિ સ્વર્ણિમ પાર્ક ખાતે શહેરના તમામ ગિટારિસ્ટ એકત્ર થશે : એટીમ ગિટારિસ્ટ ગૃપની સ્થાપના કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં વેકેશન હવે સંગીતમય અનુભવ બનવા જઈ રહ્યું છે. વેકેશનના પ્રારંભથી જ સ્વર્ણિમ પાર્ક ખાતે એટીએમ ગિટારિસ્ટ ગૃપની સ્થાપના કરાઈ છે. શનિવારે સાંજે ૮.૩૦ વાગ્યાથી ઘ-૪ નજીક સ્વર્ણિમ પાર્કમાં આ ગૃપ દ્વારા સુમધુર સંગીતમય ધૂનો રેલાવાઈ હતી. જેને માણવા પાર્કમાં હરવા ફરવા આવેલા તમામ પરિવારો એકત્ર થઈ મસ્તીથી ઝુમી ઉઠયા હતા.

શહેરની સંસ્થા એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર એટીએમ ગિટારિસ્ટ ગૃપની સ્થાપના કરવામાં આવી છે. આ ગૃપની સ્થાપના માટે સ્વર્ણિમ પાર્કને પસંદ કરવામાં આવ્યું હતું. જયાં મસ્તીભરી સાંજના સથવારે ગાંધીનગરના તમામ યુવા ગિટારિસ્ટોએ એકત્ર થઈ કર્ણપ્રિય ગીતોની એવી ધૂન છેડી હતી કે પાર્કમાં હવા ફેર કરવા આવેલા પરિવારોને જલ્સો પડી ગયો હતો. એટીએમ એટલે કે એની ટાઈમ મસ્તી ગિટારિસ્ટ ગૃપનો ઉદ્દેશ શહેરમાં ગિટાર વગાડવાનો શોખ ધરાવતા તમામ સંગીત રસિકોને એક પ્લેટફોર્મ પુરું પાડી એકબીજાના અનુભવ તથા આવડતનો લાભ મેળવવાનો છે તથા ગિટાર શિખવા માંગતા તમામ નવોદિતોને પણ નિષ્ણાત ગિટારિસ્ટો દ્વારા વિના મૂલ્યે માર્ગદર્શન તથા બેઝીક તાલીમ મળી રહે તેનો છે. આ માટે ગિટારિસ્ટ ગૃપ સપ્તાહના દર શનિ રવિએ સાંજે ૮.૦૦ કલાકે સ્વર્ણિમ પાર્ક ખાતે એકત્ર થઈ ગિટારની મોજ માણશે.





(તસવીર : કશ્યપ નિમાવત)

ગઈ કાલે યોજાયેલ પ્રથમ બેઠકમાં એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ સેમ્યુઅલ ક્રિશ્ચિયન તથા સહ પ્રમુખ બીના ક્રિશ્ચિયન સહિત નિષ્ણાંત યુવા ગિટારિસ્ટ અને ગિટાર કોચ સાગરના નેજા હેઠલ સાગર, મિહિર, પ્રણવ, સ્નેહલ, આકાશ અને આયુષી ડાભી સહિતના યુવા ગિટારિસ્ટો ઉપસ્થિત રહ્યા હતા. આ ગિટારિસ્ટો સાથે ઉપસ્થિત એટીએમ ફાઉન્ડેશનના સભ્યો તેમજ મોટી સંખ્યામાં પાર્કમાંથી આવેલા સહેલાણીઓ પણ એકત્રિત થયા હતા. એટીએમ ગિટારિસ્ટ ગૃપ દ્વારા આ પ્રસંગે જાહેર કરાયું હતું કે આ ગૃપમાં કોઈ પણ વ્યકિત જે ગિટાર વગાડવા કે શિખવા માંગતા હોય તે વિના મૂલ્યે સામેલ થઈ શકશે.

# મૃત્યુનો મને ડર નથી, તે જેમ નજીક આવશે તેમ હું વધુ કાર્ય કરીશ

## જયાં તમામ અતિથીનું સ્વાગત હંમેશા તિલક અને દ્રવ્ય-પ્રભાવનાથી કરાય છે તેવુ અનોખુ આંગણુ ધરાવતા જૈન શ્રેષ્ઠી સૂર્યકાન્ત મહેતા ૮૩ વર્ષેય લીલા છમ છે



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા. ૧૭

"અમારા ઘરે જે કોઈ અતિથી આવે તે ભલે જૈન હોય કે જૈનેતર હોય તમામનું તિલક અને દ્રવ્ય પ્રભાવના દ્વારા યથોચિત સંઘપૂજન સન્માન કરવાનો કાયમી શિરસ્તો છે.' ઘરે આવેલા મહેમાનને તિલક કરી પાંચ રૂપિયાનો સિક્કો આપતા આશ્ચર્યથી દિગ્મૂઢ થયેલા અતિથીની કુતૂહલતાને ૮૩ વર્ષીય વયોવૃદ્ધ યજમાને આ જવાબ આપી સંતોષી હતી. આ વયોવૃદ્ધ યજમાન એટલે બીજુ કોઈ નહી પરંતુ પોતાના ઘરે જ ઘર-દેરાસર અને ઉપાશ્રય. બનાવડાવી છેલ્લા ૨૨ વર્ષથી વર્ષદહાડે ૪૦૦ જેટલા સાધુ-મહંતો તથા સાધ્વીઓને સ્થિરતા કરાવતા ગાંધીનગરના જૈન શ્રેષ્ઠી સૂર્યકાન્ત મહેતા. આટલી ઉંમરે પણ યુવાનોને શરમાવે તેટલી હદે પ્રવૃત્ત રહી સામાજિક-ધાર્મિક ક્ષેત્રે સતત કાર્યરત રહેતા આ શ્રેષ્ઠીનું જીવન દંતકથાથી કમ નથી.

આઝાદી પૂર્વે વિરમગામ નજીકના રામપુરા પાસેના નાનકડા ભંકોડા ગામે જન્મેલા સૂર્યકાન્ત મહેતાના પિતા નાનપણમાં જ ગુજરી ગયા હોવાથી તેમનો ઉછેર કાકાને ત્યાં થયો હતો. થીંગડાવાળા કપડાં પહેરવા પડે તેવી દારૂણ ગરીબીમાં તેમણે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતુ અને દૃઢ મનોબળના પ્રભાવે છેવટે એમએસસીમાં યુનિવર્સિટીમાં દ્વિતિય ક્રમે ઉત્તિર્ણ થયા હતા.

આ સાથે તેમણે ૧૯૭૫માં સરકારી નોકરી મેળવી હતી. ગાંધીજીને માનતા હોવાથી તેમનામાં ભારતીય મૂલ્યોનું સિંચન શરૂઆતથી થયું હતું. આથી તેઓ સેવાદળ કોંગ્રેસમાં પણ જોડાયા હતા. નીતિમત્તા, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાથી ફરજ બજાવવા સાથે તેઓ પરિવાર મોટો હાવાને કારણે નોકરી સાથે ટ્યુશન પણ કરતા હતા. અમદાવાદમાં સવાર-સાંજ લ્યુના પર ફરી ટ્યુશન કરી પગાર જેટલી જ આવક રળી લેતા જેથી પરિવારને આર્થિક રીતે શક્ય હોય તેટલા મદદરૂપ થઈ શકાય.

વર્ષ ૧૯૮૧માં તેમની ગાંધીનગર જિલ્લાના પ્રથમ કલેક્ટર તરીકે નિમણૂંક થઈ ત્યારથી ગાંધીનગરને તેમણે રહેણાંકનું કાયમી સરનામુ બનાવી દીધુ. આ સમયે પરિવારમાં પાંચ દિકરીઓ અને સૌથી નાનો એક દિકરો પણ યુવાનીના ઉંબરે પહોંચી ચૂક્યા હતા. પણ કુદરતને કંઈક જુદુ જ મંજુર હતુ. ૧૯૮૧માં ચિત્રો સાથે અંબાજીના દર્શનાર્થે ગયેલ પુત્ર માર્ગ અકસ્માતમાં માત્ર ૨૦ વર્ષની કાચી ઉંમરે ગુજરી જતા જાણે વજ્રઘાત થયો. સતત ધાર્મિક ભાવના અને સાધુ-મહંતોના સાનિધ્યમાં રહેતા આ પરિવાર પર તુટી પડોલી આફત તેને વેરવિખેર ના કરી નાખે તેવા ડરથી અમદાવાદ સ્થિત ગુરુમંહતે તુરંત ખાસ દૂત દોડાવી સાંત્વના પત્ર પાઠવ્યો હતો. આથી પુત્રની અંતિમક્રિયા પતાવી બીજા દિવસે પરિવાર ગુરૂશરણમાં પહોંચ્યો જ્યા ગુરૂએ તેમની સાથે ત્રણ સાધ્વી મોકલી આપ્યા. ત્રણેય સાધ્વીઓએ ઘરમાં સતત ત્રણ દિવસ સુધી પદ્માવતી પૂજન સહિતના ધાર્મિક પ્રસંગો હાથ ધરતા શોકમય વાતાવરણ મંગલમય બનાવી દીધુ હતુ.



(તસવીર : કશ્યપ નિમાવત)

આવી તો જીવનમાં અનેક ચડતી પડતીઓ જોનાર સૂર્યકાન્તે ૧૯૯૦માં જ્યારે પોતાનું મકાન બનાવ્યું ત્યારે જ ઘરમાં જ દેરાસર પણ સાથે બંધાવ્યુ અને ત્યારથી લઈને આજદીન સુધી આ ઘરમાં ક્યારેય સૂર્યાસ્ત પછી ભોજન લેવાતુ નથી. અરે અતિથી પણ જો સૂર્યાસ્ત પછી પધારે તો તેમને માત્ર પાણી જ આપવામાં આવે છે. ધાર્મિક ભાવના એટલી દૃઢ કે સુરત સાસરે વળાવેલી એક દિકરીએ પણ ઘર-દેરાસર બનાવ્યું છે. અને અન્ય એક દિકરી-જમાઈ તથા દોહિત્રિએ દિક્ષા અંગીકાર કરી છે. છેલ્લા ૨૭ વર્ષથી તેઓ સે. ૨૨ના જૈન દેરાસરના નિર્માણ ઉપરાંત સંચાલનમાં અગ્રેસર રહ્યા છે. એટલુ જ નહી પરંતુ કોબા તથા પાલીતણા નજીકના હસ્તગિરી ખાતે પણ દેરાસર-ઉપાશ્રય વગેરે નિર્માણમાં સહયોગી રહ્યાં છે.

કોબા પાસે તપોવન સંસ્કાર પીઠના ટ્રસ્ટી તરીકે રહી ઉત્તમ સંસ્કાર સાથે શિક્ષણ આપવાના હેતુને બર લાવવાનો પ્રયત્નોના ભાગરૂપે અંગ્રેજી માધ્યમની શાળાનું સંચાલન સંભાળી રહ્યાં છે. ૧૬ વર્ષ ઈન્ફોસીટીમાં ડાયરેકટર પદે સેવાઓ આપનાર સૂર્યકાન્ત મહેતાએ જૈનધર્મના શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી વગેરે જેવા ફિરકાઓને એક નેજા હેઠળ લાવી એકતા સાધવાના આસયથી ૧૯૮૨માં જૈન શોસ્યલ ગૃપની રચના કરી હતી.

આજે આ સંસ્થા શહેરના બ્હેરા-મૂંગા-અંધજન-વિકલાંગ બાળકોને સંસ્થાઓ તથા વૃદ્ધાશ્રમો વગેરેમાં વાર-તહેવારે મદદરૂપ થાય છે. એટલુ જ નહી શહેરની પાંજરાપોળ કે અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને પણ દાન ધર્મનો લાભ આપે છે. સરકારી નોકરીમાં નિષ્ઠાને કારણે નિવૃત્ત પછી પણ પુનઃ નિયુક્તિ પામનાર સૂર્યકાન્ત મહેતા કહે છે 'મને મૃત્યુનો ડર નથી, મૃત્યુ જેમ નજીક આવે છે તેમ તેમ હું વધુ મોટુ દિલ કરી ધાર્મિક-સામાજિક સંસ્થાઓને યોગદાન આપુ છુ. દરેક વ્યક્તિઓ જીવનમાં વધુમાં વધુ ૭૦ વર્ષની ઉંમર સુધી કમાવુ જોઈએ. અને ત્યારબાદ શક્ય હોય તેટલુ દાન કરી સમાજને પરત કરવાનું જ કાર્ય કરવું જોઈએ.'

### ફિરોજપુર પાટીયા પાસે બે ટ્રક સામ સામે ટકરાઈ : એકનું મોત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પર ફિરોજપુર ગામના પાટીયા પાસેથી મોડી સાંજે બે ટ્રકો સામ સામે ધડાકાભેર ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક ટ્રકના કેબીનનો કડુસલો થઈ જતા ડ્રાઈવરનું અંદર કેબીનમાં જ ચગદાઈ જવાથી સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે સામેના ટ્રક ચાલકની ફરિયાદ લઈ ડ્રાઈવરના મૃતદેહને પીએમ કરાવી ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ મોડી સાંજે ફિરોજપુર ગામની સીમમાં બે ટ્રકો વચ્ચે જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. મહારાષ્ટ્ર પાસીંગની ટ્રક નં. એમ.એચ. ૪૩ વાય ૭૩૯માં પુંઠાનો જથ્થો ભરીને ઉત્તરપ્રદેશનો ડ્રાઈવર ૩૬ વર્ષીય અબ્દુલ શંકુર હબીબ રહેમાન વિજાપુરથી મુંબઈ મલાડ તરફ જઈ રહ્યો હતો. પુંઠા રેલી ટ્રક ગાંધીનગર નજીકના ફિરોજપુર પાસે પહોંચી ત્યારે સામેથી આવતી રાજસ્થાન પાસીંગની ટ્રક સાથે ધડાકાભેર ટકરાઈ હતી. જામનગરથી કોલસા ભરીને આ ટ્રક ઉદેપુર તરફ જઈ રહી હતી. બંને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં પુંઠા ભરેલી ટ્રકની કેબીનનો ભુક્કો થઈ ગયો હતો તેની સાથો સાથ ડ્રાઈવર અબ્દુલનું કેબીનમાં જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. સામેથી આવતી ટ્રકના ચાલક માસુરામ મેણાનો આબાદ બચાવ થવા પામ્યો હતો. માસુરામની ફરિયાદને આધારે ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીએ ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. બાલકૃષ્ણ વજેરામ પુરોહિત, ઉ.વ. ૮૬
- સ્વ. પંડયા મધુબેન નટવરલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. પંડયા મધુબેન રમણલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. પૂંજાજી મથુરજી ઠાકોર, ઉ.વ. ૯૫
- સ્વ. ઠાકોર તખીબેન શનાજી, ઉ.વ. ૬૦
- સ્વ. પંચાલ ભગવતીબેન વિષ્ણુપ્રસાદ, ઉ.વ. ૬૦